# રાજ્યમાં ૪૮ તાલુકામાં વરસાદ

## સૌથી વધુ મેંદરડામાં પોણા ૪ ઈંચ : ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે

અમદાવાદ, તા.૪

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ મેંદરડામાં પોણા ૪ ઈંચ વરસાદ પડ્યો હતો. રાજકોટના જેતપુરમાં સાડા ૩ ઈંચ, જામનગરના ધ્રોલમાં ૨ ઈંચ, પોરબંદરના કુતિયાણામાં દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે ગારિયાધાર, જોડિયા, ધારી, હાંસોટમાં ૧-૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. નોંધનીય છે કે, અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૩૨ ટકા જેટલો નોંધાયો છે. રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૩૨ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૪૪ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૬.૪૧ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૯.૨૯ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૬.૦૯ ટકા, પૂર્વ ગુજરાત ઝોનમાં ૨૦.૪૦ ટકા સીઝનનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે. ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં તારીખ ત્રણ જુલાઈએ સવારે આઠ કલાકની સ્થિતિએ કુલ ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૩૮.૬૧ ટકા



પાણીનાં જથ્થાનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે ૩૭.૧૬ ટકા સામે આ વર્ષે ૪૪.૩૮ ટકા જળાશયો ભરાયા છે. આ માહિતી સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જયારે ગુજરાતના ૧૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ એટલે સંપૂર્ણ છલકાયા છે. ૨૯ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦થી ૭૦ ટકા તેમજ ૫૪ જળાશયો ૨૫થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે. બીજી બાજુ, આગામી પાંચ દિવસની વરસાદની આગાહી કરતાં મનોરમા મોહંતીએ જણાવ્યું કે, બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં જ ખૂબ ઓછા વરસાદની સંભાવના છે. માત્ર હળવો અને સામાન્ય વરસાદની આગાહી છે.

જ્યારે આ દરમિયાન સુરત અને ભરૂચમાં ભારે વરસાદ થઈ શકે છે. ત્રણ દિવસ બાદ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં વરસાદની ગતિવિધિ ફરી તેજ થવાની સંભાવના છે.

**સહકારી સંસ્થા દ્વારા સંચાલિત**

# સમગ્ર ભારતમાં પ્રથમ સૈનિક સ્કૂલનું વર્ચ્યુઅલ માધ્યમથી ખાતમુહુર્ત

મહેસાણા, તા.૪

કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે મહેસાણા જિલ્લાના બોરિયાવીમાં સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત દૂધસહકારી સંસ્થા દૂધસાગર ડેરીના પ્રણેતા મોતીભાઈ ચૌધરીના જન્મશતાબ્દી મહોત્સવ વર્ષના ઉપલક્ષ્યમાં આ સૈનિક સ્કૂલનું નિર્માણ કરવામાં આવશે. અંદાજે ૭૫ કરોડના ખર્ચે ૧૧ એકર વિસ્તારમાં આકાર પામનારી આ સૈનિક સ્કૂલ પી.પી.પી. ધોરણે કાર્યરત થનારી દેશની ૨૦મી અને સહકારી સંસ્થા દ્વારા નિર્માણ પામનારી દેશની પ્રથમ સૈનિક સ્કૂલ બનશે. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ આ



અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે આવી સૈનિક સ્કૂલ જ્ઞાન સાથે રક્ષા, બહાદૂરી અને રાષ્ટ્રસેવાનો ભાવ બાળકોના જીવનમાં લાવી નવો ઉમંગ, નવી ચેતના જગાવશે. એટલું જ નહીં, દેશભક્તિ અને શિસ્તના સંસ્કાર સાથેના નાગરિકો આ સૈનિક સ્કૂલમાંથી તૈયાર થશે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી દેશમાં પી.પી.પી. ધોરણે ૧૦૦ સૈનિક સ્કૂલ સ્થપાવાની છે, તેમાંની ૨૦મી અને સહકારી સંસ્થા સંચાલિત પ્રથમ સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત એગુજરાત માટે ગૌરવ ઘટના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,વિશ્વ નેતા અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિનો નવો ઈતિહાસ દેશમાં રચ્યો છે.વિકાસની આ રાજનીતિમાં રાષ્ટ્રહિત અને રાષ્ટ્ર રક્ષા સર્વોચ્ચ ગણીને રાષ્ટ્ર સેવા માટેની સજ્જ પેઢી તૈયાર કરવાની તેમની નેમ છે.



સરખેજ મકતમપુરા ફતેવાડી રોડ પર ગઈ કાલે રાતે ખાડો પડતા ટ્રક દબાઈ ગયેલ જેને બહાર કાઢી હતી.

# દ્વારકામાં રચાશે ઈતિહાસ : ૫૧ હજાર આહીરાણીનો યોજાશે મહારાસ

## દ્વારકા જગતમંદિરમાં ચડશે છ ધજા : હાલ દરેક જિલ્લા કક્ષાએ રજિસ્ટ્રેશન ચાલુ

દેવભૂમિ દ્વારકા, તા.૪

ભગવાન શ્રીકૃષ્ણના દ્વારકા નગરીમાં ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. ૫૧ હજાર આહીરાણીઓનો મહારાસ યોજાશે. ૫ હજાર પૂર્વે ૧૬ હજાર ગોપીઓ સાથે કૃષ્ણ રાસ યોજાતો હતો. મહારાસ માટે ૩૭ હજારથી વધુ આહીર સમુદાય ની બહેનોનું રજિસ્ટ્રેશન સંપન્ન થઈ ગયું છે. હાલ દરેક જિલ્લા કક્ષાએ રજિસ્ટ્રેશન ચાલુ છે. આ અંગે કૃષ્ણની મોક્ષ ભૂમિ ભાલકા તીર્થ ખાતે બેઠક યોજાઈ હતી. આહીરાણી મહારાસ અંગે આહીર સમાજની બહેનોની મળેલી બેઠકમાં જુદા જુદા જિલ્લામાંથી આહીર સમાજની બહેનો ઉપસ્થિત રહી હતી. મહારાસની સાથે મહિલા સશક્તિકરણના પણ કાર્યક્રમ યોજાશે. આહીરાણી મહારાસ માટે બહેનો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. એક સાથે ૫૧ હજાર આહીરાણીઓ મહારાસ યોજી કૃષ્ણ ભક્તિમાં લીન બનશે. પારંપરિક પોશાક સાથે આહીરાણીઓના મહારાસનો વિશ્વ વિક્રમ સર્જાશે. દ્વારકામાં જગતમંદિરના શિખર પર ધ્વજારોહણ કરવાનું ખાસ મહત્ત્વ છે. ૨૦૨૪ સુધી ધ્વજારોહણ કરવા માટે લાંબું વેઈટિંગ લિસ્ટ પણ છે. દ્વારકા જગતમંદિર ઈતિહાસમાં પ્રથમ વખત બિપરજોય વાવાઝોડા દરમિયાન સુરક્ષાને ધ્યાનમાં લઈ ધ્વજારોહણ કરવામાં આવ્યું નહોતું. તેથીએ સમયે જે પણ ભક્તોની ધ્વજાનું આરોહણ થયું નહોતું તેવા ભક્તોનું આજથી ધ્વજારોહણ થાય એવું જગતમંદિર ધ્વજારોહણ સમિતિ દ્વારા સુંદર નિર્ણય કરવામાં આવ્યો છે. દરરોજ પાંચ ધજા દ્વારકા જગતમંદિરે ચડાવવામાં આવે છે, પરંતુ બિપરજોય વાવાઝોડા દરમિયાન જે પણ ભક્તોની ધ્વજાનું આરોહણ થયું નહોતું તે ભક્તોનું જથી ૧૫ દિવસ દરમિયાન ધ્વજાનું આરોહણ કરવામાં આવશે. એટલે કે આજથી દરરોજને માટે ૫ને બદલે ૬ ધ્વજાનું આરોહણ કરવામાં આવશે. ભક્તોની નમ્ર માગણી છે કે આ નિર્ણયને પગલે ફક્ત પંદર દિવસ માટે જ નહીં પરંતુ કાયમી ધોરણે ૬ ધ્વજા ચડાવવામાં આવે તો વધુ ભક્તોને ધ્વજારોહણનો લાભ મળી શકે. દ્વારકા વિસ્તારમાં જ્યારે કોઈ મુશ્કેલી કે સમસ્યા ઉદભવી છે ત્યારે દ્વારકાવાસીઓએ કાળિયા ઠાકોર પર ખૂબ જ શ્રદ્ધા રાખી છે, આવેલી મુસીબત કે સમસ્યા દૂર કરવા માટે જગતમંદિરના શિખર પર બે ધજા એકસાથે ચડાવવામાં આવી છે. રહેવાસીઓનું માનવું છે કે જગતમંદિરના શિખર પર બે ધજા એકસાથે ચડાવતાં ભગવાન દ્વારકાધીશ અહીંના લોકો પર આવેલી મુસીબતને દૂર કરે છે.

# ગીરસોમનાથના તાલાલામાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા.૪

રાજ્યનાં ૩૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. ત્યારે છેલ્લા ૧૨ કલાકમાં રાજ્યનાં અમુક તાલુકાઓમાં છુટો છવાયો વરસાદ પડ્યો હતો. જેમાં ગીર સોમનાથનાં તાલાલામાં ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે જામકંડોરણામાં ૨ ઈંચ વરસાદ અને મેદરડામાં પોણા બે ઈંચ વરસાદ, રાજુલામાં ૧.૩ ઈંચ, ઉપલેટામાં ૧ ઈંચ, ઉમરગામમાં ૧ ઈંચ તેમજ વાપીમાં પણ ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સ્થાનિક હવામાન વિભાગ દ્વારા તા.૬ જુલાઈથી વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થવાની આગાહી કરાઈ છે. અત્યારે હળવોથી મધ્યમ પ્રકારનો વરસાદ પડશે, પરંતુ નવી સિસ્ટમ સક્રિય થવાથી તા. ૬ જુલાઈથી મેઘરાજા રાજ્યમાં ફરી તોફાની બેટિંગ કરી શકે છે. હવામાન વિભાગે રાજ્યમાં ૫ દિવસ વરસાદની આગાહી કરી છે. આગામી ૫ દિવસ રાજ્યમાં વરસાદ રહેશે. ગુજરાતમાં આગામી ૬ તારીખથી વરસાદનું જોર વધશે.

અમરેલીનાં ખાંભા શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે ખાંભામાં ૧ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. તેમજ દાઢીયાળી, ભાવરડી, ખડાધાર, પીંપળવા, ચતુરી તેમજ ખાંભામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે ખાંભા પંથકનાં ગામડાઓમાં ખેતરોમાં પાણી ભરાયા હતા.

ગીર સોમનાથ જીલ્લામાં વરસાદી માહોલ છવાયો હતો. તાલાળા શહેર અને ગીરનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ છવાયો હતો. ત્યારે ધાવા, સુરવા, આકોલવાડી સહિતનાં ગોમામાં વરસાદ નોંધાયો હતો.

રાજકોટનાં લોધિકા તાલુકામાં ફરી વરસાદી માહોલ છવાયો હતો. જેમાં લોધિકાનાં કોઠા પીંપળીયામાં વરસાદી માહોલ છવાયો હતો. બે દિવસનાં વિરામ બાદ ફરી વરસાદી માહોલ છવાયો હતો.

અમરેલી જીલ્લાનાં સાવરકુંડલા, આંબરડી ગામની શેરીમાં નદીઓ વહેતી થઈ હતી.

# વધારા બાદ સીંગતેલનો ભાવ ૨૮૯૦ કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૧૭૩૦

## સરસવનો પાક ખેડૂતોના મજબૂત હાથમાં છે અને તેઓ તેમના વપરાશ મુજબ પાકને મંડીઓમાં લાવી રહ્યા છે

રાજકોટ, તા.૪

તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે શાકભાજી બાદ હવે ખાદ્યતેલના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. સીંગતેલમાં ફરી ડબ્બાના ભાવમાં વધારો થયો છે. તેલનો ડબ્બો ૨૯૦૦ રૂપિયા થવામાં માત્ર ૧૦ રૂપિયા ઓછા છે. સોમવારે ઉઘડતી બજારે સીંગતેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો હતો. આ વધારા બાદ સીંગતેલ ડબ્બાનો ભાવ ૨૮૯૦ થયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૧૭૩૦ છે. તો પામોલીન તેલના ડબ્બાનો ભાવ ૧૪૬૫ છે. અધિકમાસ શ્રાવણ માસ શરૂ થાય તે પૂર્વે સીંગતેલમાં ભાવ વધારો થયો છે. વિદેશી બજારોમાં ખાદ્યતેલોના ભાવમાં સુધારાને કારણે, સીંગદાણા તેલ-તેલીબિયાં અને ક્રૂડ પામ ઓઈલ સિવાય લગભગ તમામ ખાદ્યતેલો અને તેલીબિયાંમાં સોમવારે દિલ્હી તેલ-તેલીબિયાં બજારમાં સુધારો જોવા મળ્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે સરસવનો પાક ખેડૂતોના મજબૂત હાથમાં છે અને તેઓ તેમના વપરાશ મુજબ પાકને મંડીઓમાં લાવી રહ્યા છે. પરંતુ તેમ છતાં, સરસવનો ભાવ મંડીઓમાં લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) એટલે કે રૂ. ૫,૦૦૦ - ૫,૧૫૦ ની નીચે જણાવવામાં આવી રહ્યો છે. નોંધપાત્ર રીતે, સરસવની સ્જૌં ૫,૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ખાદ્યતેલના મામલામાં દેશની આયાત પરની નિર્ભરતા જે રીતે વધી રહી છે તે જોતાં સરકારે બંદરો પર આયાત કરવામાં આવતા સૂર્યમુખી અને અન્ય ખાદ્યતેલોની પણ ઝીણવટભરી તપાસ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ સિવાય સરકારે તેના તરફથી એવી સૂચના આપવી જોઈએ કે પેકર્સને સપ્લાય કરવામાં આવતું રિફાઈન્ડ ખાદ્ય તેલ સ્ટીલની ટાંકીમાં જ મોકલવામાં આવે, તો ખાદ્યતેલની ગુણવત્તા જાળવવી શક્ય બને. સૂત્રોએ જણાવ્યું હતું કે આયાત પર નિર્ભરતાને ક્યાંયથી વાજબી ઠેરવી શકાય નહીં અને તેનાથી બચવાનો એકમાત્ર વિકલ્પ દેશમાં તેલ-તેલીબિયાંનું ઉત્પાદન વધારવો અને સ્થાનિક તેલ-તેલીબિયાંનું બજાર વિકસાવવાનો હોઈ શકે છે. કારણ કે અત્યારે ભાવ ઓછા છે પણ જો આપણી નિર્ભરતા વધે અને વિદેશી કંપનીઓ ભાવ વધારશે તો આપણી પાસે બહુ વિકલ્પ નહીં રહે. સૂત્રોએ જણાવ્યું હતું કે સસ્તા આયાતી સૂર્યમુખીના ખાદ્યપદાર્થોથી દેશના તેલ ઉદ્યોગને થયેલા નુકસાનની સાથે સાથે સરસવ અને સૂર્યમુખીના નાના ખેડૂતોને આ વખતે તેમના પાકને ઓછા ભાવે વેચીને જે નુકસાન થયું છે તેની ભરપાઈ કેવી રીતે થશે? સરકારે દેશના તેલ-તેલીબિયાંના વ્યવસાયની આ સૂક્ષ્મ ચિંતાઓ પર વિચાર કરવો પડશે.

# ૨૦૧૩ના કેસમાં આસારામની પત્ની-પુત્રીને હાઈકોર્ટની નોટીસ

અમદાવાદ, તા.૪

સગીરા પર રેપ કેસમાં જેલ જિંદગી કાપી રહેલો ભ્રષ્ટ અને રેપિસ્ટ આસારામના પરિવારની મુશ્કેલી વધી છે. ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૩ના રેપ કેસમાં આસારામની પત્ની, પુત્રી અને ત્રણ મહિલા શિષ્યોને નોટિસ ફટકારી છે. આ કેસમાં મહિલાઓને નિર્દોષ જાહેર કરવામાં આવી હતી, જ્યારે આસારામને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી પરંતુ હવે આ પાંચ મહિલાઓના છૂટકારા સામે દાખલ અપીલ પર તેમને નોટીસ આપવામાં આવી છે એટલે આ કેસ નવેસરથી શરુ થાય તો નવાઈ નહીં. જસ્ટિસ એ.વાય. જસ્ટિસ એ કે કોગજે અને જસ્ટિસ હસમુખ સુથારની ડિવિઝન બેન્ચે આસારામની પત્ની લક્ષ્મી અને પુત્રી ભારતી સહિત પાંચ મહિલાઓને નોટિસ ફટકારી હતી. કોર્ટે અપીલ દાખલ કરવામાં ૨૯વસના વિલંબની નોંધ લીધી હતી અને પાંચેય મહિલાઓને નોટીસ ફટકારી હતી.

૬ મે ૨૦૨૩ના દિવસે ગુજરાતના કાયદા વિભાગે ફરિયાદ પક્ષને આસારામની પત્ની-પુત્રીના છૂટકારા સામે અપીલ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. છોડી મૂકવામાં આવેલા ૬માંથી ૫ની સામે અપીલ દાખલ કરવામાં આવી છે. ફરિયાદ પક્ષની આ અપીલને ધ્યાનમાં લઈને હાઈકોર્ટે તેમને નોટીસ ફટકારી છે. ૨૦૧૩માં પૂર્વ મહિલા અનુયાયી દ્વારા દાખલ કરવામાં આવેલા બળાત્કારના કેસમાં આસારામને ૩૧જાન્યુઆરીએ ગાંધીનગરની અદાલતે આજીવન કેદની સજા ફટકારી હતી. પીડિતા ભાગી જાય તે પહેલાં અમદાવાદ નજીક મોટેરા સ્થિત આસારામના આશ્રમમાં ૨૦૦૧ થી ૨૦૦૭ ની વચ્ચે મહિલા પર અનેક વખત બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આસારામની પત્ની લક્ષ્મીબેન, પુત્રી ભારતી અને ચાર અનુયાયીઓ પર આ ગુનામાં મદદ અને ઉશ્કેરણી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પુરાવાના અભાવે કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યાં હતા પરંતુ હવે આ કેસ ફરી ઉઘડી શકે છે.

**કંપની સમાચાર**

# એચડીએફસી લિ.નું એચડીએફસી બેંકમાં વિલિનીકરણ થયું

શૅરધારકોની અને અન્ય તમામ નિયામકીય જરૂરિયાતોની મંજૂરી મળ્યાં બાદ ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંકે શુક્રવારે ભારતની પ્રમુખ હાઉસિંગ ફાઈનાન્સ કંપની એચડીએફસી લિ.નું એચડીએફસી બેંકમાં સફળ વિલિનીકરણ થઈ ગયું હોવાની જાહેરાત કરી છે. એચડીએફસી બેંક અને એચડીએફસી લિ.એ જરૂરી સંમતિઓ અને મંજૂરીઓ પ્રાપ્ત થવાને આધિન ૪ એપ્રિલ, ૨૦૨૨ના રોજ વિલિનીકરણ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો તથા વિલિનીકરણની સમગ્ર પ્રક્રિયા પૂરી થવા માટે ૧૫થી ૧૮ મહિનાના સમયગાળાને સૂચવ્યો હતો. બંને કંપનીઓના બૉર્ડે શુક્રવારે યોજાયેલી તેમની સંબંધિત બેઠકોમાં નોંધ્યું હતું કે, આ વિલિનીકરણ ૧ જુલાઈ, ૨૦૨૩થી લાગુ થઈ જશે.

વિલિનીકરણ પામેલી એન્ટિટીઓ અન્ય કેટલીક બાબતોની સાથે તેમની વચ્ચે અસ્તિત્ત્વમાં રહેલી નોંધપાત્ર પૂરકતાઓ સાથે લઈને આવી છે તથા તે વધેલા વ્યાપ, વ્યાપક ઉત્પાદનો, બેલેન્સ શીટની સ્થિતિસ્થાપકતા અને આવકની તકોમાં તાલમેલ બેસાડવાની ક્ષમતા, સંચાલનની કાર્યક્ષમતા અને અંડરરાઈટિંગની કાર્યક્ષમતાઓમાંથી બંને એન્ટિટીઓના સંબંધિત ગ્રાહકો, કર્મચારીઓ અને શૅરધારકો સહિત વિવિધ હિતધારકો માટે અર્થપૂર્ણ મૂલ્યસર્જન કરવા માટે સજ્જ થઈ ગઈ છે. વિલિનીકરણની યોજના મુજબ એચડીએફસી બેંક શૅરના વિનિમય ગુણોત્તર અનુસાર, રેકોર્ડની તારીખ ૧૩ જુલાઈ, ૨૦૨૩ સુધીમાં એચડીએફસી લિ.ના શૅરધારકો પાસે રહેલા પ્રત્યેક રૂ. ૨/-ના ફેસ વેલ્યૂના સંપૂર્ણપણે પેઈડ-અપ ૨૫ ઈક્વિટી શૅરની સામે પાત્ર શૅરધારકોને પ્રત્યેક રૂ. ૧/-ની ફેસ વેલ્યૂના ૪૨ નવા ઈક્વિટી શૅર ઈશ્યૂ કરશે અને ફાળવશે, જેને સંપૂર્ણપણે પેઈડ-અપ તરીકે જમા કરાવી દેવામાં આવશે.

વિલિનીકરણની પ્રક્રિયા પૂરી થઈ જવા અંગે વાત કરતાં એચડીએફસી બેંકના સીઈઓ અને એમડી શ્રી શશી જગદીશને જણાવ્યું હતું કે, 'આ અમારી વિકાસયાત્રામાં એક સીમાચિહ્નરૂપ ઘટના છે અને મને વિશ્વાસ છે કે અમારી સંયુક્ત ક્ષમતાની મદદથી અમે નાણાકીય સેવાઓની એક સર્વગ્રાહી ઈકોસિસ્ટમની રચના કરી શકીશું. અમે એચડીએફસી લિ.ની ખૂબ જ પ્રતિભાશાળી ટીમનું એચડીએફસી બેંક પરિવારમાં ખરાં દિલથી સ્વાગત કરીએ છીએ. મારું માનવું છે કે, અમારી આ વિકાસયાત્રા ચપળતા, અનુકૂલનશીલતા અને ઉત્કૃષ્ટતાને પામવાના અથાક પ્રયત્નોની યાત્રાનું જ્વલંત ઉદાહરણ બની રહેશે. આ વિકાસપથ પર આગળ જતાં આવનારા પડકારોને અમે તકોમાં ફેરવી નાંખીશું, અમારા અનુભવોમાંથી અમે શીખીશું તથા નાણાકીય સેવાના ઉદ્યોગમાં સફળતા અને અખંડિતતાનું સીમાચિહ્ન બનવાનો પ્રયત્ન કરીશું.'



અમદાવાદમા જી-૨૦માટેની પુરજોશમાં તૈયારી ચાલી રહેલ છે જેમા ગાંધીઆશ્રમ, સુભાષબ્રિજ અને રિવરફ્રન્ટના રોડ પર તૈયારી ચાલી રહી છે.

# રાજકોટમાં વેપારીઓ પાસેથી ૨.૨૮ કરોડનો માલ મેળવી પિતા-પુત્ર રફૂચક્કર

રાજકોટ, તા.૪

રાજકોટમાં શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રાજેન્દ્રભાઈ અંટાળા સહિત ૧૬ જેટલા વ્યક્તિઓ પાસેથી ૨,૨૮,૧૦,૫૯૭ રૂપિયાની કિંમતની ૨૮૯.૦૯૭ કિલો ચાંદીના દાગીના બે જેટલા આરોપીઓ લઈને રફૂચક્કર થઈ ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સમગ્ર મામલે રાજેન્દ્રભાઈ અંટાળા દ્વારા સુરેશભાઈ ઢોલરીયા તેમજ તેના પુત્ર કેતનભાઈ ઢોલરીયા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે આઈપીસી ૪૦૬ તેમજ ૧૧૪ મુજબ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વેપારીઓ સાથે થયેલી છેતરપિંડી અંગે થોડા સમય પૂર્વે રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા સમગ્ર મામલે શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

પોલીસને આપેલી ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યું છે કે, સુરેશ ઢોલરીયા અને કેતન ઢોલરીયા રાજકોટની સોની બજાર સ્થિત માંડવી ચોકમાં સીએસ જ્વેલર્સ નામની પેઢી ચલાવે છે. પિતા પુત્ર ટ્રેડિંગનો ધંધો કરતા હોવાથી છેલ્લા ચાર મહિનાથી અમારા સંપર્કમાં છે. પિતા પુત્રને મેં ૨૬ કિલો ૭૭૪ ગ્રામ ચાંદીના દાગીના આપ્યા હતા.

### સમીક્ષા કરતાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શકાય તે માટે નોડલ અધિકારીની નિમણુંક કરવા જણાવ્યું હતું. તેમજ તમામ યોજનામાં લાભ લેનાર લાભાર્થીનો ડેટા એક સરખો તમામ કચેરીઓમાંથી આવે તે માટેની વિસ્તૃત માહિતી આપી હતી. તમામ વિકાસ કામોની માહિતી ખૂબ ઝડપી તૈયાર કરીને મોકલી આપવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી જે.એન.વાઘેલા, અધિક નિવાસી કલેકટર શ્રી ભરત જોષી સહિત અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

### બીજો રાઉન્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી બે દિવસ ગુજરાતમાં મન મુકીને વરસાદ પડશે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર, કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. ૨૫ જુલાઈથી ૮ ઓગષ્ટ ફરી એકવાર વરસાદ પડશે. પવન સાથે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ચોમાસાની સિઝનમાં અત્યાર સુધી ગુજરાતમાં સરેરાશ ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ કચ્છ ઝોનમાં સરેરાશ ૧૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૧૫.૩૩ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌથી ઓછો મધ્ય ગુજરાતમાં વરસાદ નોંધાયો છે. અહીં સિઝનનો ૨૦.૪૦ ટકા વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૪૬.૭૧ અને ઉત્તર ગુજરાતમાં ૨૯.૨૯ ટકા વરસાદ નોંધાયો છે.

### પુનઃ રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યના એક્સ, વાય અને ઝેડ વર્ગના શહેરો માટે ઘરભાડા ભથ્થુ (એચઆરએ) અનુક્રમે ૨૭ ટકા, ૧૮ ટકા અને ૯ ટકા નિયત કરવા તેમજ જો મોંઘવારી ભથ્થુ ૫૦ ટકા કરતા વધી જાય તો રાજ્યના એક્સ, વાય અને ઝેડ વર્ગના શહેરોને અનુક્રમે ૩૦ ટકા, ૨૦ ટકા અને ૧૦ ટકા એચઆરએ નિયત થાય તેવી જોગવાઈ કરવા અને લઘુત્તમ ઘરભાડા ભથ્થુ (એચઆરએ)ની જોગવાઈનો સમાવેશ કરવા વિનંતી છે.

વધુમાં મુસાફરી ભથ્થુ (ટીએ-ડીએ), ચાર્જ એલાઉન્સ, રજા પ્રવાસ રાહત ભથ્થુ (એલટીસી), નિવૃત્ત વતન પ્રવાસ ભથ્થુ, માઈલેજ ભથ્થા સહિતના તમામ પ્રકારના અન્ય ભથ્થાઓને સાતમા પગાર પંચ મુજબ ચુકવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### આગેકૂચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસના રિટેલ રિસર્ચના વડા સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું કે ઈન્ડેક્સ હેવીવેઈટ્સમાં મજબૂત ખરીદી, જૂનમાં જીએસટીકલેક્શનમાં વધારો અને ચોમાસાનો અભાવ બજારમાં તેજી માટેના મુખ્ય પરિબળો છે. જોકે, વિશ્લેષકોએ પ્રોફિટ-બુકિંગ સામે સાવચેતી રાખી હતી.વ્યક્તિગત શેરોમાં, સહ-વિકસિત હાર્લી ડેવિડસન બાઈકના લોન્ચિંગ પર હીરો મોટોકોર્પ ૨% થી વધુ વધ્યો. જોકે, નવી હાર્લી એક્સ૪૪૦ તેના બજારહિસ્સામાં ઘટાડો કરશે તેવી આશંકાથી રોયલ એનફિલ્ડ બાઈકના નિર્માતા આઈશર મોટર્સ ૪% થી વધુ ઘટી ગઈ હતી. દરમિયાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માલિકીની રિલાયન્સ જિઓએ રૂ. ૯૯૯ ની કિંમતનો ૪જી-ફીચર ફોન લોન્ચ કરવાની જાહેરાત કર્યા પછી ભારતી એરટેલના શેરમાં લગભગ ૩%નું ગાબડું પડ્યું.

જ્યારે વોડાફોનનો શેર ૧.૩૨ ટકાથી વધુ તૂટ્યો હતો.સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૯ શેરો લીલા નિશાનમાં અને ૧૧માં નજીવો ઘટાડો થયો હતો. બજાજ ફાઈનાન્સ ૭.૨૨ ટકાના વધારા સાથે ટોપ ગેઈનર્સમાં હતું. જ્યારે, બજાજ ફિનસર્વે ૫.૬૩ ટકાનો વધારો નોંધાવ્યો હતો. ટેક મહિન્દ્રાના શેરમાં ૨.૫૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એ જ રીતે સન ફાર્મા, એનટીપીસી, ટાઈટન, વિપ્રો, ટીસીએસ, કોટક બેંક, ઈન્ફોસીસ કેમના શેરમાં ઉછાળો નોંધાયો હતો.માર્કેટ ઓવર બોટ પોઝિશનમાં હોવા છતાં શેરબજારમાં હવે રોજ નવા વિક્રમની તૈયારી ચાલતી હોય એવો માહોલ છે.

### બદલાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલ પર પટનામાં વિપક્ષી પાર્ટીઓએ એકતા બેઠક યોજીને મોદી સરકાર સામે મોરચો ખોલ્યો છે. બીજી તરફ રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં આગામી કેટલાક મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે ત્યારે પાર્ટી આ તમામ ઘટનાઓ પર ચાંપતી નજર રાખી રહી છે. કર્ણાટકની હાર બાદ ભારતીય જનતા પાર્ટીના ટોચના નેતાઓએ પોતાની રણનીતિ બનાવવાની કવાયત તેજ કરી દીધી હતી.

### ત્રણ ટકાના

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે કર્મચારીઓને એચઆરએવધીને એક્સ કેટેગરીમાં ૨૭ ટકા, વાઈ કેટેગરીમાં ૧૮ ટકા અને ઝેડ કેટેગરીમાં ૯ ટકા મળી શકે છે. તો મોંઘવારી ભથ્થું ૫૦ ટકાની ઉપર પહોંચવા પર એચઆરએ વધીને ક્રમશઃ ૩૦ ટકા, ૨૦ ટકા અને ૧૦ ટકા થઈ જશે.

મોદી સરકાર એચઆરએમાં જલદી વધારો કરવાની છે. તે માટે સરકાર તરફથી પહેલા નોટિફિકેશન જારી કરી દેવામાં આવ્યું છે. આ સમયે કર્મચારીઓને મળનાર ડીએ ૪૨ ટકા છે. જુલાઈમાં ફરી ડીએમાં વધારો થશે. એવું માનવામાં આવી રહ્યું છે કે જુલાઈમાં ૪ ટકાના વધારા બાદ કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૪૬ ટકા થઈ જશે.